ગાંધીનગર સમાચાર
તા. ૭-૮-૨૦૧૪, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

સુપ્રીમનો તકાદો વાજબી

દિલ્હીને ભલે પૂર્ણ રાજયનો દરજ્જો ન અપાયો હોય, પરંતુ એની વિધાનસભા દિલ્હીના મતદારોને જવાબદાર છે અને કેન્દ્રના ગૃહખાતા નીચે આવતી હોઇ દિલ્હી પોલીસ સિવાયના ઘણા બધા નાગરિક અધિકારોને લગતા વિભાગો દિલ્હી સરકાર હસ્તક છે. લોકસભાની ચૂંટણી પૂર્વે થયેલ દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં કોઇ પણ રાજકીય પક્ષને સંપૂર્ણ બહુમતી નહીં મળેલ હોઇ સૌથી મોટા પક્ષ તરીકે ચૂંટાઇ આવેલ ભારતીય જનતા પાર્ટીને દિલ્હીના ઉપરાજયપાલશ્રીએ સરકાર રચી શકવાની શક્યતા તપાસવા નિમંત્રણ પાઠવ્યું હતું પરંતુ તે વખતે કોંગ્રેસ, જદ (યુ) કે બીજા નંબરની પાર્ટી તરીકે ચૂંટાઇ આવેલ કેજરીવાલના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી તરીકે ચૂંટાઇ આવેલ કેજરીવાલના નેતૃત્વવાળી આમ આદમી પાર્ટી ભાજપને સમર્થન સાંપડતાં કેજરીવાલની અલ્પજીવી સરકાર ચરાઇ હતી જેનું અનેક વિવાદો વચ્ચે ૪૯ દિવસના ટૂંકા શાસન પછી પતન થયું હતું. અરવિંદ કેજરીવાલે એમના ટૂંકા શાસનગાળા દરમિયાન વધુ પડતી અપેક્ષાઓ અને અરાજકતા સરજી હતી. અતિશય મહત્ત્વાકાંક્ષી કેજરીવાલ વારાણસીમાં નરેન્દ્ર મોદી વિરૂદ્ધ ચૂંટણી લડ્યા હતા અને હાર્યા હતા. લોકસભામાં પ્રચંડ વિજય મળતાં ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વવાળી એનડીએ સરકાર કેન્દ્રમાં અસ્તિત્વમાં આવી પરંતુ દિલ્હી તરફ કોઇએ લેશ પણ ધ્યાન ન આપતાં રાજધાનીનું નગર રાજય સાવ જ ઓશિયાળી સ્થિતિમાં મૂકાઇ જવા પામ્યું હતું. વચ્ચે ભારતીય જનતા પાર્ટીના નવા પ્રદેશ પ્રમુખ નિમાયેલા ઉપાધ્યાય કોંગ્રેસ અને 'આપ'ના શભ્યનો પક્ષપલટો કરાવી ભાજપ સરકાર રચવાનો વિકલ્પ વિચારતા હતા પરંતુ હાઇકમાન્ડે લીલી ઝંડી ન આપી હોય તે પ્રજામાં ભાજપની ઇમેજ ખરડાવાની બીકને કારણે હોય - એ પ્રવૃત્તિ પણ મંદ પડી જવા પામી હતી. કેજરીવાલે પોતે પણ ફરી સરકાર બનાવવામાં વલખાં મારી જોયાં હતા. એમને પૂરતી સંખ્યા નહીં મળતા એ હવે નવેસરથી ચૂંટણી યોજવા માટેની માગણી કરી રહ્યા છે. આમ આદમી પાર્ટીએ દિલ્હીમાં ચૂંટણી યોજવાના મુદ્દે અદાલત સમક્ષ ઘા નાખી છે. એમાં ઉપરાજયપાલને વિધાનસભાનું વિસર્જન કરીને ચૂંટણી યોજવાનો આદેશ આપવા વિનંતી કરાઇ હતી. અદાલતે આ માગણી ગેરવાજબી ઠેરવી છે, કારણ કે ઉપરાજયપાલને એવો આદેશ આપવો એ અદાલતના અધિકારમાં નથી આવતું. પરંતુ આટલા લાંબા સમયથી વિધાનસભાને નિલંબિત રાખવાનું ઉચિત નથી, એવા નિરીક્ષણ સાથે બંધારણીય બેન્ચે કેન્દ્ર સરકારને ધારદાર સવાલ જરૂર કર્યો છે કે દિલ્હીના ધારાસભ્યોને ઘેર બેઠાં પગાર કયાં લગી આપતા રહેશો? દિલ્હીમાં પાંચ પાંચ મહિનાથી કોઇ જ સરકાર નથી તો ત્યાં રાષ્ટ્રપતિ શાસન કેમ અમલી નથી બનાવાતું? આખરે રાજકીય પક્ષાપક્ષીનો ભોગ તો નિર્દોષ નાગરિકો જ બની રહ્યા છે. એમના પ્રશ્નોનો ઉકેલ લાવનારી કોઇ સરકાર જ અસ્તિત્વ નથી ધરાવતી. અદાલતે સૂચન કર્યું છે કે આગામી પાંચ મહિનામાં ઉપરાજયપાલ દિલ્હીમાં સરકાર બનાવવાના મુદ્દે અદાલતને કેન્દ્ર સામે આવા પ્રશ્નો કરવા પડે છે તે આજની અરાજકતાનું સૂચક નથી શું? કેન્દ્રમાં સ્પષ્ટ બહુમતી મેળવીને બેઠેલી સરકારને દિલ્હીની કંઇ પડી જ નથી. જો વિધાનસભાનું વિસર્જન કરી તત્કાળ ચૂંટણી યોજાય તો મોંઘવારી, પાણી અને વીજળી જેવા પ્રશ્નો સત્તાધારી ભાજપને નડે એવા છે. વળી પક્ષપલટા કરાવીને ભાજપ સરકાર રચી શકે એમ છે, પરંતુ એથી એની ઇમેજને લાંબા ગાળા સુધી ન પુરાય એવો ઘસારો પડે એમ છે. પોતાની બાંધી મૂઠીનો ભ્રમ ઉત્તરાખંડની પેટાચૂંટણીમાં ઊઘડી ગયા પછી ભાજપ વધુ સાવચેત બન્યું હોય તે સમજી શકાય એમ છે. પરંતુ આ રીતની રાજકીય દંગલબાજીમાં પ્રજા પિસાતી રહે તે હરગિજ ચલાવી લઇ શકાય નહીં. દિલ્હીને એની આગવી - લોકશાહી ઢબે ચૂંટાયેલી સરકાર ખપે છે. આ મુદ્દે અદાલતે કરેલ તકાદો સમયસરનો અને વાજબી છે.

અનસ્ટોપેલ યુથ સંસ્થાના યુવક-યુવતિઓ દ્વારા સેક્ટર-૨૮માં આવેલ મુક બધિર સ્કૂલમાં ફ્રેન્ડશીપ-ડે ની ઉજવણી કરવામાં આવી હતી. યુવક-યુવતિઓએ બાળકોને મેઝિક-શૉ બતાવ્યો હતો અને બાળકો સાથે પ્રિતિ ભોજન લીધુ હતું.

એફવાય બીસીએના કુલ ૧૬ વિદ્યાર્થીને નાપાસ કરતાં રોષ

અમદાવાદ, તા.૦૬

ફર્સ્ટ અને સેકન્ડ ઈયર બીકોમના ૧૩૪ વિદ્યાર્થીઓને નાપાસ કરીને વિવાદ સર્જનાર અમદાવાદ યુનિવર્સિટીએ ક્રેડિટ ઓછી હોવાના લીધે ૧૬ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરીને નવો વિવાદ સર્જ્યો છે. અમદાવાદ યુનિવર્સિટી સાથે સંલગ્ન સ્કુલ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝે તેના ૧૬ વિદ્યાર્થીઓને બીસીએના પ્રથમ વર્ષમાં નાપાસ કરતા વિદ્યાર્થીઓના ભવિષ્ય સામે પ્રશ્નાર્થ શર્જાયો છે. આ અંગે કોલેજના સત્તાવાળાઓએ પણ હાથ અધ્ધર કરી દેતા વિદ્યાર્થીઓનું એક વર્ષ બગડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદ યુનિવર્સિટીએ અગાઉ કોમર્સના પ્રથમ અને બીજા વર્ષમાં અભ્યાસ કરતાં ૧૩૪ વિદ્યાર્થીઓને નાપાસ કરીને સર્જેલ વિવાદ હજી સમ્યો નથી ત્યાં અમદાવાદ યુનિવર્સિટી સાથે સંલગ્ન એવી એમએલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝે બીસીએમાં અભ્યાસ કરતાં પોતાના ૧૬ વિદ્યાર્થીઓને માત્ર ક્રેડિટ ઓછી હોવાના કારણે નાપાસ જાહેર કરીને ફરી નવા વિવાદને જન્મ આપ્યો છે. આ અંગે વિદ્યાર્થીઓ છેલ્લા એક મહિનાથી કોલેજની ફેકલ્ટીને રજુઆત કરી રહ્યા છે પરંતુ તેમણે આ મુદ્દે કંઈ જ થઈ શકે તેમ ન હોવાનું જણાવતા અંતે વિદ્યાર્થીઓએ કોલેજના ડાયરેક્ટર બિપીન મહેતાને મળ્યા હતા જો કે તેમણે પણ ઉડાઉ જવાબ આપી વિદ્યાર્થીઓને ભગાડી દીધા હતા. નાપાસ થનાર ૧૬ વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ તેમના ગ્રેડિંગ માર્કસ, હાજરી, પ્રોજેક્ટ અને પ્રઝન્ટેશનના આધારે ક્રેડિટ નક્કી થાય છે. આ ક્રેડિટ બે હોય તો વિદ્યાર્થીઓને પાસ ગણવામાં આવે છે. પરંતુ જો ક્રેડિટ બેથી ઓછી હોય તો વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવે છે. જે ૧૬ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવ્યા છે તેમને ક્રેડિટના આધારે જ નાપાસ જાહેર કરાયા છે.

કડી સંકુલની શાળાઓમાં મહિલા જાદુગર અલ્પાના શૉ યોજાયા

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલ કડી શિક્ષણ સંકુલની શાળાઓમાં મહિલા જાદુર અલ્પાનો શૉ બાળકોને બતાવવામાં આવ્યો હતો. આ સંકુલની એસ.જી. પ્રાથમિક શાળા માટે તા.૨જી ઓગષ્ટે અને આર.જી. પટેલ અને એસ.બી. પટેલ કન્યા શાળાઓ માટે તા. ૪થી ઓગષ્ટે શૉ નું આયોજન કરવામાં આવ્યું હતું.

કડી સંકુલની શાળાઓના વિદ્યાર્થીઓ જાદુગર અલ્પાના હેરતભર્યા પ્રયોગો જોઈ ખુબ જ આનંદમાં આવી ગયા હતા. અલ્પા જાદુગર અને તેની ટીમે બાળકોને કાગળમાંથી ફુલ બનાવી દેવા, ટોપીમાંથી ફુલ અને સાપ વગેરે કાઢવા, બાળકોના હાથને હેન્ડપંપ બનાવી પાણી કાઢવું, અખરોટમાંથી રૂપિયા કાઢવા જેવા અનેક કરતબો બતાવી બાળકોને મંત્રમુગ્ધ કર્યા હતા. આ શૉનો ઉદ્દેશ બાળકોમાં સર્જનાત્મક શકિતઓનો વિકાસ થાય તે માટેનો હતો. જાદુના ખેલ પત્યા પછી બાળકોએ તે કેવી રીતે થાય છે તેવી જીજ્ઞાસા રાખતા તેને જાદુગર અને શિક્ષકો દ્વારા સંતોષવામાં આવી હતી. શાળા પરિવારે કાર્યક્રમના અંતે મહિલા જાદુગર અલ્પાનો આભાર માન્યો હતો.

સોજા હાઈસ્કૂલના ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૬

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજાના ઉપક્રમે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ઈકો ક્લબ, બાળ ઊર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના અને નેશનલ ક્રેડેટ કોર્પસના બાળકોની આગેવાની હેઠળ શાળાના પ્રાથમિક-માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક વિભાગના તમામ બાળકો દ્વારા અનેકવિધ પ્રકારના રોપાનું વાવેતર કરવામાં આવ્યું હતું.

પર્યાવરણમાં ઉપયોગી એવા જુદા જુદા છોડવા લાવીને શાળાના મેદાન અને આસપાસની ખુલ્લી પડતર વેરાન ભૂમિમાં ક્યારા બનાવીને રોપ્યા હતા. એક તરફ વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે ત્યારે બાળકો અને યુવાનો સહિત ગ્રામજનો વૃક્ષારોપણનું મહત્વ, મહિમા સમજે તેમનામાં નૈસર્ગિકપ્રેમ વધે, તેઓ વનસ્પતિની ઉપયોગીતા જાણે, સૃષ્ટિ સૌંદર્યમાં વધારો કરી શકાય અને પરસ્પર ઐક્ય-સંપ વધે તેવા શુભાશયથી આ અભિયાન આરંભાયું હતું.

ઊર્જા રક્ષક દળ અને ઈકો ક્લબના ઈન્ચાર્જ શિક્ષકશ્રી રાકેશ પ્રજાપતિ જણાવે છે કે અમારા આ ભગીરથ અભિયાન અને ઉમદા આંદોલનથી દરેક બાળક દર વર્ષે એક-એક વૃક્ષ ઉગાડે-ઉછેરે અને આ માટે અમે એમને પ્રોત્સાહક અને માર્ગદર્શન આપીએ છીએ. આથી બાળકોને વૃક્ષો તરફ આપોઆપ પ્રેમ અને આકર્ષણ થશે તથા વાતાવરણ પ્રફુલ્લિત-લીલુછમ્મ થશે અને પ્રદૂષણ ઘટશે.

હરિની દૃષ્ટિ...

તમારા જેવા યુવાનો માટે ફુપની એ ખાસ મોડેલ બહાર પાડ્યું છે, ગાડીની વાઇ ફાઇ સીસ્ટમ તમારા બાપુજીનાં એકાઉન્ટ સાથે જોડી દેવાની અને દરેક પેટ્રોલ પંપ પર ઓટો એકાઉન્ટ સીસ્ટમથી રાઇડીંગની મજા માણવાની...!!

સેક્ટર-૭ આંબેડકર છાત્રાલયમાં યોગ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૬

સેક્ટર-૭માં આવેલ ડૉ. બાબાસાહેબ આંબેડકર સરકારી છાત્રાલયમાં નિયામકશ્રી અનુસૂચિત જાતિ વિભાગ દ્વારા છાત્રો માટે યોગ શિબિર યોજવામાં આવી હતી.

હાલના ભાગદોડ ભર્યા સમયમાં વિદ્યાર્થીઓથી લઈને કર્મચારીઓ અને ગૃહિણીઓ પણ એકાગ્રતા જાળવી શકતા નથી. ત્યારે સેક્ટર-૭ માં આવેલ બાબાસાહેબ આંબેડકર છાત્રાલયમાં રહેતા છાત્રોને મનની એકાગ્રતા કેવી રીતે કેળવાય તે માટે યોગ શિબિર યોજવામાં આવી હતી.

છાત્રોને નિષ્ણાંત ડૉ. દિમીબેન, લલીતભાઈ, નરેન્દ્રભાઈ, જાગૃતિબેન અને હર્ષદભાઈ ત્રિવેદી દ્વારા તાલીમ આપવામાં આવી હતી. જેમાં છાત્રોને યાદશક્તિ, વધારવા તેમજ વિવિધ યોગાસનોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આર.યુ. પરમાર, વોર્ડન એન.જી. પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

જ્ઞાનકુંભ

- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૪માં કયા રેલવે પ્રધાને રેલવે બજેટ રજૂ કર્યું હતું?
➜ **ડી.વી. સદાનંદ ગૌડા**

૨. ૨૦૧૪ રેલવે બજેટમાં રેલવે પ્રધાને કુલ કેટલી નવી ટ્રેનોની જાહેરાત કરી હતી?
➜ **૫૮**

૩. ૨૦૧૪ રેલવે બજેટમાં રેલવે પ્રધાને કુલ કેટલી ટ્રેનોના વિસ્તાર વધારવાની જાહેરાત કરી હતી?
➜ **૧૧**

૪. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી જનસાધારણ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૫**

૫. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી એસી એક્સપ્રેસ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૬**

૬. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી એક્સપ્રેસ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૨૭**

૭. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી પેસેંજર ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૮**

૮. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી મેમૂ ટ્રેનની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૨**

૯. ૨૦૧૪ રેલવે બજેટમાં કુલ કેટલી ડેમૂ ટ્રેનોની જાહેરાત કરવામાં આવી હતી?
➜ **૫**

૧૦. ૨૦૧૪ રેલવે બજેટ અંતર્ગત ભારત કયા બે શહેર વચ્ચે બુલેટ ટ્રેન ચલાવવાની જાહેરાત કરવામાં આવી છે?
➜ **મુંબઇ - અમદાવાદ**

૧૧. ગુજરાત સરકારનું ૨૦૧૪-૧૫નું બજેટ કયા મંત્રીએ રજૂ કર્યું હતું?
➜ **નાણામંત્રી સૌરભ પટેલે**

૧૨. ૨૦૧૪-૧૫ ગુજરાત સરકારના બજેટનું કદ કેટલું નક્કી કરવામાં આવ્યું હતું?
➜ **રૂા. ૧.૨૦ લાખ કરોડ**

૧૩. ગુજરાત બજેટ-૨૦૧૪માં નિરાધાર વિધવા મહિલાઓ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૧૬૮ કરોડ**

૧૪. ગુજરાત બજેટ ૨૦૧૪માં નવા ચેકડેમ તળાવો ઊંડા કરવા માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૪૪ કરોડ**

૧૫. ગુજરાત બજેટ ૨૦૧૪માં ગર્ભવતી મહિલાઓને કેટલા રૂપિયા સહાય આપવાની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૬,૦૦૦ રૂપિયા**

૧૬. ગુજરાત બજેટ ૨૦૧૪માં ગરીબ ખેડૂતો માટે કૃષિ કીટ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૪૯ કરોડ**

૧૭. ગુજરાત બજેટ ૨૦૧૪માં જળસંપત્તિ અને કલ્પસર પ્રોજેક્ટ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૩૭૫૦ કરોડ**

૧૮. ગુજરાત બજેટ ૨૦૧૪માં ઉદ્યોગ અને ખનીજ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૨૨૨૩ કરોડ**

૧૯. ગુજરાત બજેટ ૨૦૧૪માં ૧૦૦ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૧૫ કરોડ**

૨૦. ગુજરાત બજેટ ૨૦૧૪માં ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણના વિકાસ માટે કેટલા કરોડની જોગવાઇ કરવામાં આવી છે?
➜ **૨૬૭૫ રૂપિયા**

મો. રફીના ચાહકોનો પોકાર... અભીના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં...

'તું ઈસ તરહાસે મેરી જીંદગીમેં શામિલ હૈ, જહાં ભી જાઓ યે લગતા હૈ તેરી મહેફીલ હૈ...' સંગીતપ્રેમીઓની મહેફીલમાં સદાય જીવંત એવાં મોહંમદ રફીની ૩૪મી પૂણ્યતિથિએ ઓડિયો-વિઝ્યુઅલ સાથે રફીની બાયોગ્રાફીની ઝલક અને ગીત-સંગીત ભરી અદ્‌ભૂત શ્રદ્ધાંજલિ

'તુમ મુઝે યૂં ભૂલાના પાઓગે, જબ ભી તુમ સુનોગે ગીત મેરે સંગ સંગ તુમ ભી ગુનગુનાઓગે'... મોહમંદ રફીના અવાજને ખામોશ થઇ આજે ૩૪ વર્ષ થઇ ગયા એમનાં ગીતોનાં શબ્દો આજેય એટલાં જ યથાર્થ છે... ગળામાં મધ જેવી મીઠાશ અને કોઇ પણ ગીતમાં આત્મસાત થવાની કળાને લઇ એમનાં ગીતો આજેય અમર છે... સાડા ત્રણ દાયકાની એમણે લગભઘ બધા હીરો માટે ગાયું છે, તો બધાં સંગીતકાર માટેય ગાયું છે. સ્વભાવે એકદમ સાલ, અને સંવેદનશીલ રફીએ ગીતથી ગઝલ વચ્ચેના દરેક મૂડમાં ગીતો ગાયા છે, એવાં આ હરફનમૌલા કલાકારની ૩૧મી જુલાઇએ ૩૪મી પુણ્યતિથિએ એ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ થયો...

'એક યાદ રફી કે બાદ' રફીની જીંદગીની ડોક્યુમેન્ટરી લાહોરની શરૂઆતથી કરી એમના ગીતો શરૂ થયા... 'દુલારી' નું 'સુહાની રાત ઢલ ચૂકી ના જાતે તૂમ કબ આઓગે, જહાંકી ઋતુ બદલ ચૂકી, ના જાને તુમ કબ આઓગે' (બહુ ઓછાને ખબર હશે કે આ ગીત પાપુઆ ન્યુ ગીનીની નામના નાનકડાં દેશમાં રાષ્ટ્રીય ગીતમાં સ્થાન પામ્યું છે.) 'ચૌદવી કા ચાંદ હો યા આફતાબ હો...' 'જિંદગીભર નહીં ભૂલેગી વો બરસાત કી રાત, એક અન્જાન હસીના સે મુલાકાત કી રાત' એકદમ દમદાર અવાજમાં વોઇસ ઓફ રફી અમિત મહેતાએ શરૂઆતથી જ રફીનો મહેફીલનો સમા બાંધી દીધો.

૧૯૪૮માં આવેલી 'શહિદ'ના ગીત 'ઇસ દિલ તુકડે હજાર હુએ' એ લગનનાં બેંડવાજામાં વાગેલું... એસ.ડી. બર્મનને દેવ આનંદ માટે રફી પાસે 'તેરે મેરે સપને અબ એક સંગ હૈ' ગવડાવેલું... ૧૯૬૪ની ફિલ્મ 'ચા..ચા..ચા..' નું 'મેં અપને આપસે ગભરા રહાં હું' સાથે 'સુબહાના આઇ, શામ ના આઇ, જીસ દિન તેરી યાદ ના આઇ' બહુ જ સુંદર રીતે બધાં ગીતો ગવાતાં ચાલ્યા.

રફના ગીતો મહેન્દ્ર કપૂર સ્ટેજ પર ગાતા, પછી તેઓ પ્લેબેક સિંગર બન્યા, રફીએ બિલકીશ બાનુ સાથે ૨૦માં વર્ષે લગ્ન કરેલાં એ એમનાં માટે એક ગીત કાયમ ગાતા 'બહોત શુક્રિયા, બડી મહેરબાની, મેરી જીંદગીમેં હુજુર આપ આયેં...' 'મેરે સનમ'ના હીરો વિશ્વજીત માટે રફીએ ગાયું 'પુકારતા ચલા હું મેં, ગલી ગલી બહાર કી' અને 'જવાનીયા યે મસ્ત મસ્ત બીન પીયેં...' અમિત મહેતાને સાથ આપવા દર્શના ગાંધી અને નિલુ દવે ફિમેલ સિંગર તરીકે બખુલી સાથ નિભાવતા હતા...

બે ચાર ગીતોની વચ્ચે બતાવતી વીડિયો ક્લિપીંગ અને જાણીતા ગાયકોની મુલાકાત રફીની બાયોગ્રાફી રજૂ કરતી હતી. જગજીતસિંઘ અને અનૂલ જલોટાના રફી પ્રિય ગાયક હતા... 'રોશન'ના સંગીતમાં 'જો વાદા કિયા વો નિભાના પડેગા, રોકે જમાના ચાહે...' મુકેશ - મન્નાડે - હેમંતકુમાર - તલત મહેમૂદ - કિશોર કુમારના જમાનામાં રફીએ કિશોર માટે પણ અવાજ આપેલો, કિશોરની ઓળખ એવી યુડલીંગ પડેલા રફી કરતાં પણ કિશોરની વિનંદી બાદ એમને એ કલા કિશોરને સોંપી દીધી!!

'પ્યાર કા મૌસમ' નું 'તુમ બીન જાઉં કહાં કે દુનિયા મેં આ કે...' દેવાનંદ માટે નું 'હો હો હો ખોયા ખોયા ચાંદ ખુલા આસમાન, આંખો મેં સારી રાત જાયેગી, ઉનકોભી કૈસે નિંદ આયેગી...' 'નૌશાદ' ના સંગીતમાં 'ખુશ રહે તુ સદા યે દૂવા હૈ મેરી...' 'દિવાને હૈ દિવાનો કા ના ઘર ચાહિયે, મોહબ્બત ભરી એક નજર ચાહીયે' ના ગીતો બાદ એક સરખા જ ઢાળ ધરાવતાં ત્રણ ગીતો સળંગ રજૂ કર્યા... 'ચાહે પાસ હો, ચાહે દૂર હો...' લાગી છૂટેના અબ તો સનમ, ચાહે જીયે જીયા..' તેરી દુનિયા સે દૂર ચલે હો કે મજબૂર હમેં યાદ રખના' બધે બધા મનલોભવન રહ્યાં...

ધર્મેન્દ્ર માટે ગાયેલું 'મૈં ઝટ યમના પગલા દિવાના હો રબ્બા ઇતનીસી બાત ના જાના' ગીત પર રિધમ આર્ટીસ્ટોએ રંગ રાખી દીધો... 'નીલકમલ'નું દરેક કન્યા વિદાય પર વગાડાતું ગીત 'બાબુલ કી દુઆએ લેતી જા, જા તુજકો સુખી સંસાર મીલે' જેવું જ બીજું 'જાની દુશ્મન'નું 'ચલો રે ડોલી ઉઠાઓ કહાર પીયા મિલનકી ઋતુ આઇ' ગીત સંવેદનશીલ રહ્યું...

'નજરના લગ જાયે કિસી કી રાહોમેં, છૂપાક કે મેં તુજે નિગાહોં મે' પછીનું 'આમદી મુસાફીર હૈ, આતા હૈ જાતા હૈ, આતે જાતે રસ્તેમેં યાદે છોડ જાતા હૈ...' રફી-શમ્મી-ઓ.પી. નૈયર અને આશા કોમ્બિનેશનનાં ગીતો 'સર પે ટોપી લાલ હાથ મેં રેશમ કા રૂમાલ હાય તેરા કયા કહેના...' 'હાય રે હાય, તેરે હાથ મેં મેરા હાથ, મેરી જા બલ્લે બલ્લે' અને 'હકીકત'નું 'રંગ ઔર નૂર કી બારાત કિસે પેસ કરું, યે મુરાદોં કી રાત કિસે પેસ કરું' ગીતો રફીના રેશમી અવાજની સોગાત સમા બની રહ્યું...

મોટા ભાગે મુકેસ પાસે ગીતો ગવરાવતા શંકર - જયકિશને રફી પાસે હીટ ગીતો ગવરાવ્યા... 'દિલ તેરા દિવાના હૈ સનમ, જાન તે હો તુમ કુછના કહેંગે હમ, મોહબ્બત કી કસમ...', 'ઇશારોં ઇશારોં મેં દિલ દેનેવાલે બતાયે હુનર તુને સીખાં કહાં સે...' સુભાન અલ્લાહ હાય, હસીં ચહેરા હાય, યે મસ્તાના અદાયેં' અને ઉષા ખન્નાનું 'તું ઇસ તરહાસે મેરી જીંદગીમેં શામીલ હૈ, જહાં ભી જાઓ યે લગતા હૈ તેરી મહેફીલ હૈ...' રફીને ગયાંને સાડા ત્રણ દાયકા થયા તોય એની મહેફીલ શ્રોતાઓનાં હૃદયમાં યથાવત જ છે!!

'કહે દો કોઇના કરેં યહાં પ્યાર, જીસમેં ખુશીયા હૈ કમ બેશુમાર હૈ ગમ...' અને આ કાર્યક્રમનાં પાસ પરનું ટાઇટલ સોંગ 'અભી ના જાઓ છોડકર કે દિલ અભી ભરા નહીં, અભી અભી તો આયે હો, બહાર બનકે છાયે હોં...' ખરેખર એવું જ લાગે રફીએ નહોતું જવું જોઇતું... 'હંસતે જખ્મનું પોપ્યુલર સોંગ' 'તુમ જો મિલ ગયે હો, તો યે લગતા હૈ કે જહાં મીલ ગયાં' અને પછી પ્રેમીઓની પસંદગી સમું 'દોનો ને કિયા થા પ્યાર મગર, મુઝે યાદ રહા તુ ભૂલ ગઇ...' 'ફિર વોહી દિલ લાયા હું'નું 'લાજમી બડા રંગીન વાદા તૈયાર, ઓ હસી હૈ કિધર કા ઇરાદા તેરા' અને 'હમદમ મેરે, ખેલના જાનો, ચાહત કે ઇકરાર કો...' કયા બાત હૈ??

વોઇસ ઓફ રફી અમિત મહેતાએ મો. રફીને શ્રદ્ધાજલિ અર્પવા ૩૧ જુલાઇએ પોતે જ શો આયોજીત કર્યો હતો. આમાં થનગનાટ ગ્રુપના સહયોગ મળતાં હૉલ પેક થઇ ગયો. 'થનગનાટ' નાં રોહિત નાયાણી અને 'સુરમધુર'ના મયંક દવેએ રફીના ગીતોનાં કાર્યક્રમમાં વિશેષ રૂચી દાખવી કાર્યક્રમ માટે દિલથી મહેનત કરી હતી... પંકજ પાઠક અને શૈલેષ ઠાકરનું સંગીત નિયોજન દાદ માંગી લે એવું હતું. ગિટાર - ચંદન પુરોહીત, ફલ્યુટ - જનક દરજી, ડ્રમ્સ - નિખીલ ગોર, ઑકટોપેટ - ભાવેશ ઠાકર, કોંગો - મિતેશ દેસાઇ, તબલા - મનિષી રાવલ, ઢોલક - સંદિપ બાઠમ અને કિ-બોર્ડ પર શૈલેષ ઠાકર - પંકજ પાઠક બધાં એકસૂત્રમાં બંધાઇ રહેતાં સંગીતે રફીના ગીતોને યોગ્ય ન્યાય આપ્યો...

'મેં પ્યાર કા રાહી હું, તેરી ઝુલ્ફ કે સાયેં મેં, કુછ દેર ઠહર જાઉં...', 'આજકાલ તેરે મેરે પ્યાર કેં ચર્ચે હર જબાન પર, સબ કો માલુમ હૈ ઓર સબકો ખબર હો ગઇ...' 'ઓ હસીના જુલ્ફોવાલી જાનેં કહાં, ઢુંઢતી હૈ કાફીર આંખે જીસ કા નિશાં, મહેફીલ, મહેફીલ યેં સમાં...' 'આજા આજા મૈં હું પ્યાર તેરા, અલ્લાહ અલ્લાહ ઇનકાર તેરા...' અને કાર્યક્રમમાં અંતિમ ગીતો 'ઉડે જબ જબ ઝુલ્ફે તેરી કવાંરીઓકાં દિલ મચલે, જિંદ મેણીયે' અને 'દિન સારા ગુજારા તોરે અંગના અબ જાને દે મુઝે મોરે સજના, મેરે યાર શબ્બા ખેર, મેરે યાર શબ્બા ખેર...'

આખોય રફીને સમર્પીત કાર્યક્રમમાં બે-ત્રણ ગમેલી વાતો એટલે ગાયક અમિત મહેતા પુરા ત્રણેય કલાક સ્ટેજ પર, ૩૭ ગીતો, રફીની બાયોગ્રાફી દર્શાવતી વીડિયો ક્લીપીંગ, ગીતોનું સિલેકશન અને ઑરકેસ્ટ્રાની રંગત સાથે આખો કાર્યક્રમ યાદગાર બની રહ્યો... ઉંમરની અસરને કારણે હવે નીલુ દવેના રિપ્લેસમેન્ટનું વિચારે તો વધારે સારું કહેવાય... રફીના લગભગ બધાં જ મૂડના ગીતો આવ્યા પણ શાસ્ત્રીય સંગીત આધારીત એકેય ગીતના આવ્યું જે થોડું ખટક્યું... ગુજરાતી અતિ પ્રસિદ્ધ 'દિવસો જુદાઇના જાય છે' અને 'કહું છું જવાનીને પાછી ફરી જા' સમાવ્યા હોત તો જામી વાત... આખા કાર્યક્રમના અંતે સ્વ. મોહંમદ રફી માટે એટલી જ લાગણી જન્મે કે 'વો જબ યાદ આયે, બહોત યાદ આયેં...'